### કેટલાક ડૉક્ટર, કેમીસ્ટો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના રડારમાં

# સાબરકાંઠા, અરવલ્લીમાં હોમ ક્વોરન્ટાઈન દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન નહીં મળે

## મોટાપાયે કાળા બજારની વિગતો બહાર આવતાં સરકાર સફાળી જાગી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪ રાજ્યમાં કોરોનામાં કણસતા ગંભીર દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન માટે જજૂમવાનો વારો આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે રાજ્ય સરકારને ટકોર કર્યા પછી સરકાર એક્શનમાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર થઈ રહ્યું છે. રાજ્યના અન્ય જિલ્લામાં પણ આવી સ્થિતિ છે આ સંજોગોમાં જિલ્લાના કેટલાક ડૉક્ટર, કેમીસ્ટો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના રડારમાં હોવાનું જાણવા મળ્યું છે. સાબરકાંઠા, અરવલ્લીમાં હોમ ક્વોરન્ટાઈન દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન નહીં આપવાનો રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. રેમડેસિવિર ઈન્જેક્શન હવે માત્ર કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલોને આપવામાં આવશે. દર્દીને રેમડેસિવિર ઈન્જેક્શન આપવાનું હોય તો તેને ફરજીયાત હોસ્પિટલમાં દાખલ થવાનો ક્રાઈટ એરીયા નક્કી કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં સૌથી વધુ દવાનું ઉત્પાદન થાય છે છતાં રોગચાળો ફાટી નિકળે ત્યારે દવાની અછત અને કાળા બજાર સામે આવે ત્યારે માથું શરમથી ઝૂકી જાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગના આંકડા અનુસાર કોરોનાના ઓછા દર્દી અને મૃત્યુ આંક પણ ઓછો છે છતાં રેમડેસિવિર ઈન્જેક્શનની બે થી ત્રણ ગણી માંગ શંકા પ્રેરક હતી. કેટલાક કિસ્સાઓમાં બહાર આવ્યું છે કે કેમીસ્ટો અને ડૉક્ટરોની જુગલબંધીથી રેમડેસિવિર ઈન્જેક્શનનો દુરૂપયોગ થતો હતો. ક્યાંક વધુ પડતા પૈસા ગરજવાન દર્દી અને સગાઓ પાસેથી ખંખેરવાનો ખેલ ચાલ્યો આવ્યો છે. સમગ્ર રાજ્યમાં રેમડેસિવિર ઈન્જેક્શનની અછત અને પછી સરકારને મળેલી જાણકારી બાદ હોમ ક્વોરન્ટાઈન દર્દીઓ હોય તેમને પણ રેમડેસિવિર ઈન્જેક્શન આપવામાં આવતા હતા અને તેમાંથી જ કાળા બજારનું દુષણ ફેલાયું હતું જેથી હોમ ક્વોરન્ટાઈન દર્દીઓને રેમડેસિવિર નહીં આપવાનો નિર્ણય કરાયો છે.




### ઉંઘતું તંત્ર જાગ્યું, અરવલ્લી કલેક્ટરે રેમડેસિવિરનું કાળા બજાર અટકાવવા અપીલ કરી

બાયડ : તબેલામાંથી ઘોડા નાસીછૂટ્યા પછી તાળાં મારવા જેવો ઘાટ, અરવલ્લી જિલ્લામાં જોવા મળ્યો છે. કોરોનાની બીજી લહેરમાં અરવલ્લીનું વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ નબળું સાબિત થયું છે. રેમડેસિવિર ઈન્જેક્શનની અછત વચ્ચે અનેક વિસ્તારોમાં કાળા બજારથી ઈન્જેક્શન વેચાઈ રહ્યાની ફરિયાદો ઉઠી છે ત્યારે એકાએક એક્શનમાં આવેલા અરવલ્લી કલેક્ટર દ્વારા રેમડેસિવિર ઈન્જેક્શનની નિર્ધારીત કરેલ વેચાણ કિંમત કરતાં કોઈ વ્યક્તિ કે મેડીકલ દ્વારા વધારે કિંમતની માંગણી કરવામાં આવે તો જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ-અરવલ્લીને જાણ કરવા જણાવ્યું છે. (ફોન નં.૦૨૭૭૪-૨૫૦૧૧૧, ૨૫૦૧૧૨)

### ભિલોડા કોટેજ હોસ્પિટલમાં હવે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ થશે

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી દર્દીઓને ૨-૩ દિવસ પછી પણ આર.ટી.પી.સી.આર. રિપોર્ટ મળતા નથી. ૨૫૦૦ થી વધુ દર્દીઓના રિપોર્ટ પેન્ડીંગ છે. આ સંજોગોમાં રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લઈ અરવલ્લીના ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે વધારાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બે દિવસમાં ઉભું કરવા જિલ્લાના અધિકારીઓને તાકીદ કર્યાનું જાણવા મળ્યું છે. ઉત્તર ગુજરાતમાં ભિલોડા ઉપરાંત મહેસાણાની જનરલ હોસ્પિટલમાં પણ સુવિધા ઉભી કરવામાં આવશે.

### અરવલ્લીનું તંત્ર જાગે નહીંતર આવતી કાલથી રેપિડ ટેસ્ટ માટેની કીટની અછત..!!

બાયડ : અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં કોરોનાના સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યો છે. દરરોજ સરેરાશ જિલ્લામાં ૧૧૦૦ થી ૧૨૦૦ લોકોના રેપિડ ટેસ્ટ થાય છે જેમાંથી ૧૦૦ થી ૨૦૦ કોરોના સંક્રમિત હોવાના રિપોર્ટ આવે છે. જાણવા મળ્યા મુજબ જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજનની અછત છે અને હવે અરવલ્લીનું તંત્ર સવેળા નહીં જાગે તો કાલથી રેપિડ ટેસ્ટ માટેની કીટની પણ અછત ઉભી થઈ શકે છે. બિનસત્તાવાર સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર તંત્ર પાસે હવે માત્ર ૧૫૦૦ જ રેપિડ ટેસ્ટ માટેની કીટ છે જેની સામે દૈનિક જરૂરીયાત ૧૨૦૦ થી ૧૪૦૦ કીટની છે.

## જન્મદિને વધામણી



હયાન ઓચ્છવભાઈ પટેલ
તેનપુર, તા.બાયડ




શૈલેષભાઈ બી. પ્રજાપતિ
(નાયબ મામલતદાર : મહેસૂલ વિભાગ, ગાંધીનગર)
હિંમતનગર



સચિનભાઈ એમ. પટેલ
(ગુલાબપુરા પ્રા.શાળા)
મોડાસા(ડેમાઈ)



તુષારભાઈ ડી. પટેલ
(આકરૂન્દ હાઈસ્કુલ પ્રા. વિભાગ)
આકરૂન્દ, તા.ધનસુરા



કુંજ એન. નાયક
હિંમતનગર



મિહિર જગદીશભાઈ રાવલ
પ્રાંતિજ જિ. સાબરકાંઠા

# કચ્છી પાટીદાર સમાજ કોરોના સમયે રાહ ચિંધે, અરવલ્લીના ૮૩ કચ્છી કંપાઓમાં આજથી ૧૫ દિવસ સ્વૈચ્છીક લૉકડાઉન

## કોરોના સંક્રમણથી બચવા હવે સમાજમાં જાગ્રતતા દેખાઈ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪ કોરોના બેલગામ બનતાં અનેક સમાજમાં માતમ છવાયો છે. કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધતાં અનેક પરિવારો પાયમાલ થયા છે ત્યારે હંમેશાં કંઈક નવું કરવા માટે જાણીતા કચ્છી પાટીદાર સમાજે અરવલ્લી જિલ્લામાં અન્ય સમાજ માટે પણ રાહ ચિંધી છે. અરવલ્લીના ૬ તાલુકામાં આવેલા કચ્છી પાટીદાર વસતી ધરાવતા ૮૩ કચ્છી કંપાઓમાં આજથી ૧૫ દિવસ સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરાયું છે. ગામમાં બહાર થી કોઈ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે નહીં. અનિવાર્યતા હશે તો જ પ્રવેશ મળશે. લગ્ન, જીયાણાં, સીમંત અને મરણ સહિતના પ્રસંગોમાં પણ વધુમાં વધુ ૫૦ સંખ્યાથી પ્રસંગ ઉજવાશે.

કોઈપણ સમાજમાં એક્તા દેખાય તો ગમે તેવી આફતને અવસરમાં પલટે અને અકલ્પનિય વિકાસ પણ હાંસલ કરી શકાય છે તેનું જીવતું જાગતું ઉદાહરણ દાયકાઓથી જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પાટીદાર સમાજ છે. વર્ષ-૨૦૧૪ થી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર વ્યાપી સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો પરંતુ કચ્છી પાટીદાર સમાજના કંપાઓમાં સ્વચ્છતા અભિયાન દાયકાઓથી જોવા મળે છે. નિયમિત જીવન, ક્યારેય ઉંચા અવાજે બોલવું નહીં, જરૂર પડતું બોલવું તે કચ્છી પાટીદાર સમાજની ખાસ લાક્ષણિક્તા રહી છે. કચ્છી પાટીદાર સમાજના સમૂહ લગ્નો પણ એક ઉમદા દ્રષ્ટાંત છે અને હવે કોરોનાના કપરા કાળમાં સમાજે પોતાના બાંધવો કોરોનાગ્રસ્ત ન બને તે માટે ચિંતા કરીને આગળ આવ્યા છે. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-મોડાસા વિભાગ દ્વારા સમાજ જોગ અપીલ સમાજના તમામ કંપાઓમાં સ્વૈચ્છીક લૉકડાઉન આજથી ૧૫ દિવસ માટે અમલી બનાવ્યું છે. જિલ્લા વહીવટી તંત્રએ પણ તેની નોંધ લઈ સમાજને બિરદાવે તો અન્ય સમાજો પણ કોરોના સામેની મહામારીમાં આવી રીતે તંત્ર અને સરકારને મદદરૂપ થઈ શકે છે.

# મોડાસાના સરડોઈમાં પિતા-પુત્ર કોરોનાની ઝપેટમાં, ધનસુરાથી ચેપ લાગ્યાની આશંકા

## પંડ્યા ફળીને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકાઈ

સરડોઈ, તા.૧૪ મોડાસા તાલુકાના સરડોઈમાં ફરી કોરોનાનું સંક્રમણ વધ્યાની વિગતો સામે આવી છે. પંડ્યા ફળીમાં રહેતા પિતા-પુત્ર કોરોનાની ઝપેટમાં આવતાં હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. પુત્ર ધનસુરામાં ફરજ બજાવતો હોવાથી ત્યાંથી ચેપ લાગ્યાની આશંકા વ્યક્ત કરાઈ છે. પિતા-પુત્ર કોરોના પોઝિટિવ આવતાં પંડ્યા ફળીને તંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકવામાં આવી છે પરંતુ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. મૃત્યુદરના આંકડા ભલે જાહેર થતા ન હોય પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુ આંક ઉંચકાઈ રહ્યો છે તે તંત્ર અને આરોગ્ય વિભાગ માટે ચિંતાપ્રેરક છે. અગાઉ સરડોઈના એક જાગ્રત નાગરિકે ગામમાં કોરોનાના અસંખ્ય કેસ હોવાની ટ્વિટ મારફતે તંત્રના મુખીયાઓને જાણકારી આપ્યા પછી આરોગ્ય વિભાગ દોડતો થયો અને સર્વે કરવામાં આવ્યો. પરંતુ ત્યાર પછી સરડોઈમાંથી કોરોના ગાયબ થઈ ગયો હોય તેમ યોગ્ય તકેદારી રાખવામાં આવી નહીં. સ્થાનિક પંચાયત દ્વારા કોરોનાના સંક્રમણને ડામવા સ્વૈચ્છીક લૉકડાઉનના અમલ પછી પ્રજાને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અને માસ્ક પહેરવા અનુરોધ કરવા છતાં અનેક લોકો લાપરવાહ રહ્યા છે. જેના કારણે ગામમાં સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. પંડ્યા ફળીમાં એક જ પરિવારના બે જણ કોરોનાની ઝપેટે ચઢતાં અન્ય પરિવારોમાં પણ ચિંતા હાવિ થઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડમાં આંબેડકર જયંતિની ઉજવણી

બાયડ : તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડમાં બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી.



ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોની ઉપસ્થિતિમાં સાદગીપૂર્વક યોજાયેલા કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક અતુલભાઈ પટેલે ડૉ.આંબેડકરના જીવન મૂલ્યો વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી ત્યારબાદ બાબાસાહેબ આંબેડકરના તસવીરને કુમ કુમ તિલક કરી, દિપ પ્રાગટ્ય કરી તેમના જીવન વિશેની વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ વિગતોની જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તેમના જીવન મૂલ્યોને ઉજાગર કરે તે માટે આચાર્ય ભરતભાઈ પંચાલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

### બાયડમાં ડૉ.ભીમરાવ બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી

બાયડ : બાયડ ગામમાં આવેલા આંબેડકર ચોકમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૩૦મી જન્મ જયંતિની સાદગીપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પમાલા અર્પણ કરી હતી. આ પ્રસંગે બાયડ પાલિકાના કોર્પોરેટર ભરતભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તપન પટેલ, હેમંત પટેલ, જલદીપ પટેલ, જીગર પટેલ, રાજુભાઈ રાઠોડ સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન બાયડ ભીમસેના કાર્યકરો દ્વારા કરાયું હતું.



### ખેડબ્રહ્મામાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવાઈ

ખેડબ્રહ્મા : ખેડબ્રહ્મામાં તા.૧૪ એપ્રિલના દિવસે ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૩૦મી જન્મ જયંતિ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ મામલતદાર જી.ડી.ગમાર, ચીફ ઓફીસર કલ્પેશ ભટ્ટ, પી.એસ.આઈ., વી.બી.પટેલ, ખેડબ્રહ્મા નગરપાલિકાના પદાધિકારી, કોર્પોરેટરો સહિત દલિત સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. બાબા સાહેબ અમર રહો..ના નારા સાથે જયઘોષ કરવામાં આવ્યો હતો. પ્રતિમાને કોઈ નુક્સાન ન પહોંચે તે માટે પાલિકા દ્વારા સી.સી.ટીવી કેમેરા લગાવવાની સાથે તેની સુરક્ષા મજબૂત કરવાનો વાયદો પાલિકા ચીફ ઓફીસરે કર્યો હતો. કાર્યક્રમમાં ભીમસેનાના કાર્યકરો હાજર રહ્યા હતા.



### વાંટડાની સીમમાં મોબાઈલ ટાવરની બેટરી ચોરાઈ : તસ્કરો રૂા.૪૦ હજારની મત્તા ચોરી ફરાર

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪ મોડાસા તાલુકાના વાંટડા ગામની સીમમાં ખાનગી કંપનીના મોબાઈલ ટાવરના કમ્પાઉન્ડમાં પ્રવેશી તસ્કરો રાત્રિના સમયે રૂા.૪૦ હજારની કિંમતની બેટરી ચોરી ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

જિલ્લામાં મોબાઈલ ટાવરને નિશાન બનાવતી ચોક્કસ ટોળકી સક્રીય થઈ છે. એક પછી એક ખાનગી મોબાઈલ કંપનીઓના મોબાઈલ ટાવરના કમ્પાઉન્ડમાંથી બેટરી ચોરાવવાના બનાવો સામે આવી રહ્યા છે. તાલુકાના વાંટડા ગામની સીમમાં કાર્યરત ખાનગી કંપનીના મોબાઈલ ટાવરના કમ્પાઉન્ડમાં પ્રવેશી તસ્કરો તા.૩૦-૩-૨૦૨૧ થી તા.૩૧-૩-૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન બેટરીઓ ચોરી ફરાર થઈ ગયા હતા. કંપનીના કર્મચારીઓએ બેટરીઓ ચોરાઈ હોવાનું જાણતાં મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરી છે.

### ગઢોડા નજીક કંપનીના ટાવર ઉપરથી પાવર બેક-અપની ૨૪ બેટરીઓ ચોરી થતાં ગુનો નોંધાયો

**સુપરવાઇઝરની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૪ હિંમતનગરના સાબર ડેરીથી ગઢોડા રોડ ઉપર આવેલ એરટેલ કંપનીના ટાવર ઉપરથી પાવર બેક-અપ માટે રાખવામાં આવેલી બેટરી નંગ-૨૪ કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ જતાં હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે



હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ અનુસાર ગતરોજ ૧૩ એપ્રિલ ૨૦૨૧ ના રોજ કોઈપણ સમયગાળા દરમિયાન હિંમતનગરના સાબર ડેરીથી ગઢોડા રોડ ઉપર સેન્ચ્યુરી ટાઈલ્સની સામે એક ખુલ્લા ખેતરમાં ઉભા કરાયેલા એરટેલ કંપનીના ટાવર ઉપર આવેલ કેબીનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી કેબિનમાં પાવર બેક અપ માટે રાખેલ એચ.બી.એલ કંપનીની બેટરી નંગ- ૨૪ કિં રૂ. ૨૪૦૦૦/- ની તસ્કરી કરી તસ્કરો રફુચક્કર થઈ જતા હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે સિક્યુરિટી સુપરવાઈઝરે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ભિલોડાના ડોડીસરા ગામમાં પોલીસે રેડ કરી બુટલેગરના ઘરમાંથી ૧.૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો



બાયડ , હિંમતનગર બ્યુરો ઓફિસ તા.૧૪ અરવલ્લી એલસીબી પોલીસે ગતરોજ મંગળવારે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ડોડીસરા ગામમાં બુટલેગરના ઘરે રેડ કરી રહેણાંક મકાન ના આગળના ખંડમાં પતરા ના ભોયરા નીચે સંતાડેલ વિદેશી દારૂની પેટીઓ નંગ- ૬ તથા છુટી બોટલો નંગ- ૫૩૯ મળી કુલ બોટલ નંગ- ૮૨૭ કિં રૂ. ૧૦૬૨૫૦/- નો મુદ્દામાલ કબજે કરી વોન્ટેડ આરોપીઓ (૧) રાકેશભાઈ ઉર્ફે કાળીયો બાબુભાઈ ડુંડ તથા(૨) ચીમનભાઈ ઉર્ફે હેમંતભાઈ થવરાજી ડામોર બંન્ને રહે.નાના ડોડીસરા તા.ભિલોડા જી.અરવલ્લી વિરુદ્ધ પોલીસ મથકે ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

# અણસોલ પાસેગાડીમાં ઉદેપુરથી અમદાવાદ લઈ જવાતા વિદેશી દારૂ સાથે હરિયાણા શખ્સની ધરપકડ કરાઈ

**ગાડીમાં શીટ નીચે સંતાડીને લઇ જવાતો વિદેશી દારૂ અણસોલ ચેકપોસ્ટ પાસેથી ઝડપાયો : પોલીસે વિદેશી કુલ કિ.રૂ. ૧,૮૧,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો**

બાયડ હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૪ શામળાજી - ઉદેપુર નેશનલ હાઈવે નંબર-૮ ઉપર આવેલ અણસોલ ચેકપોસ્ટ પાસેથી ગતરોજ મંગળવારે શામળાજી પોલીસે રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતાં શંકાસ્પદ વાહનોનાં ચેકિંગ દરમિયાન બાતમીના આધારે ઈકો ગાડીમાં સીટના નીચે સંતાડીને ઉદેપુર થી અમદાવાદ લઈ જવાતા વિદેશી દારૂ સાથે હરિયાણાની શખ્સની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી





પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ મંગળવારે શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર.પટેલ તથા તેમનો સ્ટાફ અણસોલ ચેકપોસ્ટ ખાતે રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા શંકાસ્પદ વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે , એક સફેદ કલરની ઈકો ગાડી નં- જી.જે.૨૭.વી.૪૭૧૯ માં વિદેશી દારૂ ઉદયપુર (રાજસ્થાન) થી અમદાવાદ લઈ જવાનો છે દરમિયાન ઉપરોક્ત બાતમી વાળી ઈકો ગાડી અણસોલ ચેકપોસ્ટ અણસોલપાસેથી પસાર થતા તેને કોર્ડન કરી રોકી ગાડી ની તપાસ હાથ ધરતા ગાડી ની સીટ નીચે થી વિદેશી દારૂની બોટલો મળી આવતા પોલીસે વિદેશી દારૂની બોટલ નંગ- ૨૭ કિં રૂ. ૨૯૮૦૦/- તથા મોબાઈલ નં-૧ કિં રૂ ??? ૨૦૦૦/- તથા મારુતિ ગાડી કિ રૂ. ૧,૫૦,૦૦૦/- મળી કુલ કિ. રૂ. ૧,૮૧,૮૦૦/-નો મુદ્દામાલ કબજે કરી વિદેશી દારૂની હેરાફેરી કરનાર ઈકો ગાડીના ચાલક હરિઓમ સ/ઓ ભવરલાલ હુકમીચંદ માલી ઉ.વ.૩૬ ધંધો - ટ્રાન્સપોર્ટ રહે. મકાન નંબર ૧૦૪ પોલીસ લાઈન ટેકરી ઉદયપુર રાજસ્થાન ની ધરપકડ કરી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

# કોરોના મહામારીમાં વ્યવસ્થાની સમીક્ષા માટે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી સિવિલ હોસ્પિટલની મુલાકાતે

પાલનપુર, તા. ૧૪ બનાસ ડેરીના ચેરમેન અને બનાસ મેડિકલ કોલેજના આદ્યસ્થાપક શ્રી શંકરભાઈ



ચૌધરીએ બનાસડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સિવિલ હોસ્પિટલ પાલનપુર ની મુલાકાત લઈને જિલ્લામાં પ્રવર્તમાન કોવિડ ૧૯ ની પરિસ્થિતિ સંદર્ભે વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

ચેરમેનએ કોરોના સંક્રમણ ને અટકાવવા અને કોરોના દર્દીઓને ઉત્તમ સારવાર મળે તે માટે ઓક્સિજન કેનની વ્યવસ્થામાં ૫૫ થી વધારીને ૯૫ કરવાનો અને વેન્ટિલેટર ની સંખ્યા પણ ૧૬ થી વધારીને ૨૪ કરવાની સૂચનાઓ આપી હતી અને જરૂર જણાયે બેડની સંખ્યામાં પણ વધારો કરવાનું સૂચવ્યું હતું.

ચેરમેનએ જણાવ્યું હતું કે જિલ્લામાં કોરોનાના વધતા સંક્રમણને લઈને હજુ વધારે નવા કોવિડ સેન્ટર અને દર્દીઓ માટે કોવિડ બેડની તાત્કાલિક



જરૂરિયાત ઊભી થઈ છે જેને ત્વરિત ધોરણે પૂરી કરવા માટે જિલ્લા કલેકટર અને જિલ્લાનું વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. આ અંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથે પણ વાત કરતાં તેમણે રેમડેસિવર ઈન્જેક્શન સહિતની બનતી તમામ મદદ પુરી પાડવા નો ભરોસો આપ્યો છે.

ચેરમેનની મુલાકાત પ્રસંગે ગ.ના. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પી.જે. ચૌધરી, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સુનીલ જોશી ઉપસ્થિત રહ્યા હતા.